RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 307, Dt.16-02-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કોંગ્રસના ફ્રીજ બેન્ક એકાઉન્ટો ફરી એક્ટીવ કરાયા



## કોંગ્રેસના બેન્ક ખાતા સ્થગિત કરી આવકવેરા વિભાગે ૨૧૦ કરોડની રિકવરી કાઢતાં કોંગ્રેસમાં હડકંપ મચી જવા પામ્યોઃ ભારતમાં લોકશાહી સંપૂર્ણપણે ખત્મ થઈ છેઃ કોંગ્રેસ કોષાધ્યક્ષ અજય માકન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈન્કમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલે શુક્રવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે કોંગ્રેસના એકાઉન્ટ્સ ફ્રીઝ કરવા પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. એક કલાક પહેલા કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે પાર્ટીના બેંક એકાઉન્ટ્સ ફ્રીઝ કરી દેવામાં આવ્યા હતા.

કોંગ્રેસે પાર્ટીના બેંક એકાઉન્ટ ફ્રીઝ કરવાના આરોપ લગાવ્યા હતા. કોંગ્રેસના રાષ્ટ્રીય ખજાનચી અજય માકને શુક્રવારે પ્રેસ કોન્ફરન્સ કરી અને આરોપ લગાવ્યા કે ઈન્કમટેક્સે યુથ કોંગ્રેસ અને કોંગ્રેસ પાર્ટી પાસેથી રૂ. ૨૧૦ કરોડની રિકવરી માંગી છે.

માકને કહ્યું- અમને ગુરુવારે માહિતી મળી કે બેંકોએ પાર્ટી દ્વારા જારી કરાયેલા ચેક રોકી દીધા છે. તેઓ અમારા ચેક ક્લિયર કરતા નથી. કોંગ્રેસ પાર્ટીના એકાઉન્ટ પણ સીઝ કરવામાં આવ્યા હતા. આ સિવાય ક્રાઉડ ફંડિંગવાળા એકાઉન્ટ પણ ફ્રીઝ કરવામાં આવ્યા હતા.

કોંગ્રેસના કોષાધ્યક્ષ અજય માકને કહ્યું કે અત્યારે અમારી પાસે લાઈટ બિલ ભરવા અને કર્મચારીઓને પગાર આપવાના પૈસા નથી. એકાઉન્ટ ફ્રીઝ થવાને કારણે માત્ર ભારત જોડો ન્યાય યાત્રા જ નહીં પરંતુ પાર્ટીની તમામ રાજકીય પ્રવૃત્તીઓને અસર થશે. આ લોકશાહીને ફ્રીઝ કરવા સમાન છે.

પાર્ટીના ખાતા સ્થગીત થવા પાછળનું કારણ હાસ્યાસ્પદ હોવાનો દાવો કરતાં તેમણે કહ્યું કે આવકવેરા વિભાગ દ્વારા કોંગ્રેસ અને યુવક કોંગ્રેસ પાસે ૨૧૦ કરોડની રિકવરી માંગવામાં આવી છે. કોંગ્રેસે ઓનલાઇન દાન મેળવ્યું હતું તેના પર આ રિકવરી કાઢવામાં આવી છે. વાસ્તવમાં દેશના નાગરિકોએ યુપીઆઇ દ્વારા કોંગ્રેસને ફંડ આપ્યું હતું. અને એટલે હવે આવકવેરા વિભાગે આ ખાતા ફ્રીઝ કરી નાખ્યા છે.

તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે એક તરફ કોંગ્રેસના ખાતા ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે અને બીજી તરફ ભાજપ ચૂંટણી બોન્ડના કરોડો રુપિયાનો લખલુટ ખર્ચ કરી રહી છે. ચૂંટણી બોન્ડને સુપ્રિમ કોર્ટે રદ કરી નાખ્યા છે. ભારતમાં એક જ પાર્ટી રહી જશે અને અન્ય પક્ષોને કોઇ અધિકાર નહીં રહે તેવી ટકોર પણ તેઓએ કરી હતી.

કોંગ્રેસના ખજાનચી અજય માકને ઉમેર્યું કે, કોંગ્રેસ અને યુવક કોંગ્રેસ એમ બંનેના ખાતાઓ સ્થગીત કરી દેવામાં આવ્યા છે. ચાર બેંક ખાતા ફ્રીઝ થઇ ગયા છે ૨૦૧૮-૧૯ના રીટર્ન ફાઇલ કરવામાં ૪૫ દિવસનો વિલંબ થયો હતો તેને કારણે ૨૧૦ કરોડની પેનલ્ટી પણ લગાડવામાં આવી છે.

# ઈંગ્લેન્ડ સામેના રાજકોટ ટેસ્ટમાં ભારત ડ્રાઈવિંગ સીટ પરઃ પ્રથમ દાવમાં ૪૪૫ રનનો સ્કોર ખડકયો

## રોહીત શર્માએ ૧૩૧ અને રવિન્દ્ર જાડેજાએ ૧૧૨ રન ફટકાર્યાઃ ધ્રુવ જુરેલે ડેબ્યુ ટેસ્ટમાં ૪૬ રન બનાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ ટેસ્ટ શ્રેણીની ત્રીજી મેચ રાજકોટમાં રમાઈ રહી છે. નિરંજન શાહ સ્ટેડિયમમાં ભારતે પ્રથમ દાવમાં ૪૪૫ રન બનાવ્યા હતા. રોહિત શર્માએ ૧૩૧ અને રવીન્દ્ર જાડેજાએ ૧૧૨ રન બનાવ્યા હતા. માર્ક વુડે ૪ વિકેટ લીધી હતી.

હાલમાં બીજા દિવસના બીજા સેશન બાદ ટી બ્રેક ચાલુ છે. ઈંગ્લેન્ડે વિના નુકશાન ૩૧ રન બનાવ્યા હતા. જેક ક્રોલી અને બેન ડકેટ નોટઆઉટ પરત ફર્યા હતા. ભારત તરફથી પ્રથમ ઓવર જસપ્રીત બુમરાહે ફેંકી હતી.

બીજા દિવસના બીજા સત્રમાં ભારતે ૩૮૮/૭ના સ્કોર સાથે પોતાની ઈનિંગ આગળ વધારી હતી. રવિચંદ્રન અશ્વિન ૩૭ રન, ધ્રુવ જુરેલ ૪૬ અને જસપ્રીત બુમરાહ ૨૬ રન બનાવીને આઉટ થયા હતા. ઈંગ્લેન્ડ તરફથી માર્ક વુડે ઈનિંગમાં ૪ વિકેટ ઝડપી હતી. રેહાન અહેમદે ૨ વિકેટ લીધી હતી. ટીમ ઈન્ડિયાની ઈનિંગ્સ ૪૪૫ રન પર સમાપ્ત થઈ ગઈ.



બીજા સેશનમાં ઈંગ્લેન્ડે પણ પોતાની ઈનિંગની શરૂઆત કરી હતી. ટીમે વિના નુકશાન ૩૧ રન બનાવ્યા હતા. બેન ડકેટ અને જેક ક્રોલી અણનમ રહ્યા હતા. સેશનમાં કુલ ૮૮ રન થયા હતા, જેમાંથી ભારતે ૫૭ રન બનાવ્યા હતા.

બીજા સેશનમાં જ ઈંગ્લેન્ડે પ્રથમ દાવની શરૂઆત કરી હતી. ટીમે ૬ ઓવરમાં વિના વિકેટે ૩૧ રન બનાવ્યા હતા. બેન ડકેટ ૧૯ રન અને જેક ક્રોલી ૬ રન બનાવીને નોટઆઉટ પરત ફર્યા હતા. ભારત તરફથી જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજે પહેલો સ્પેલ કર્યો હતો.

રાજકોટના નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમમાં ભારતે પ્રથમ દાવમાં ૪૪૫ રન બનાવ્યા હતા. ટીમ બીજા દિવસના બીજા સેશનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી રોહિત શર્માએ ૧૩૧, રવીન્દ્ર જાડેજાએ ૧૧૨ અને સરફરાઝ ખાને ૬૨ રન બનાવ્યા હતા.

ઈંગ્લેન્ડ તરફથી માર્ક વુડે ૪ વિકેટ લીધી હતી. રેહાન અહેમદને ૨ વિકેટ મળી હતી જ્યારે ટોમ હાર્ટલી, જો રૂટ અને જેમ્સ એન્ડરસને પણ ૧-૧ વિકેટ લીધી હતી. એક બેટર રન આઉટ થયો હતો.

જસપ્રીત બુમરાહ ૨૮ બોલમાં ૨૬ રન બનાવીને માર્ક વુડનો શિકાર બન્યો હતો. તેણે છેલ્લી વિકેટ માટે મોહમ્મદ સિરાજ સાથે ૩૦ રનની ભાગીદારી કરી હતી. આ ભાગીદારીના આધારે ટીમે ૪૪૫ રન બનાવ્યા હતા. બુમરાહને માર્ક વુડે કઇઠ આઉટ કર્યો હતો. બુમરાહે રિવ્યુ લીધો પણ ટકી શક્યો નહીં. તેની સામે સિરાજ ૨૧ બોલમાં ૩ રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. બુમરાહ ઉપરાંત વુડે રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલને પણ પેવેલિયન મોકલ્યા હતા.મોહમ્મદ સિરાજ DRS લેવાને કારણે કઇઠ આઉટ થવાથી બચી ગયો હતો. સિરાજે ૧૩૦મી ઓવરના ચોથા બોલ પર રિવર્સ સ્વીપ રમ્યો હતો.

# ખેડૂતો પ્રેરિત ભારત બંધની અસર ત્રણ રાજ્ય પુરતી સિમિત

## સરકાર અને કિસાનો વચ્ચેની મંત્રણા પડી ભાંગીઃ દિલ્હી કુચ માટે ખેડૂતો મકકમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુરુવારે કેન્દ્ર સરકાર અને ખેડૂત નેતાઓ વચ્ચે ત્રીજા રાઉન્ડની વાતચીત પણ અનિર્ણિત રહી હતી. પંજાબ અને હરિયાણાની સરહદો દ્વારા દિલ્હી સુધી ખેડૂત વિરોધની તૈયારીઓ વચ્ચે, ત્રણ કેન્દ્રીય પ્રધાનોએ ચંદીગઢમાં ખેડૂત નેતાઓ સાથે ત્રીજા રાઉન્ડની વાતચીત કરી. આ બેઠકમાં પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ હાજર રહ્યા હતા. આ બેઠક મોડી રાત્રે લગભગ ૧.૩૦ વાગ્યે પૂરી થઈ હતી. જો કે, ફરી એકવાર બેઠકમાં ખેડૂતોની તમામ માંગણીઓ પર કોઈ સહમતિ સધાઈ શકી નથી. હવે ફરી એકવાર ચોથા રાઉન્ડની વાતચીત રવિવારે થશે. દરમિયાન, સંયુક્ત કિસાન મોરચાએ આજે એટલે કે ૧૬મી ફેબ્રુઆરીએ ભારત બંધનું આહ્વાન કર્યું છે. ખેડૂતોના ભારત બંધમાં ટ્રક અને ટ્રેડ યુનિયન પણ સામેલ છે. દિલ્હીથી પંજાબ, હરિયાણા



અને યુપીમાં એલર્ટ જારી કરવામાં આવ્યું છે. અહિં બંધની બજાર જોવા મળે છે દેશના બીજા ભાગોમાં કોઇ અસર જોવા મળી નથી. બંધનું એલાન આંશિક સંયુક્ત કિસાન મોરચા દ્વારા આપવામાં આવેલા ભારત બંધના એલાનના જવાબમાં શુક્રવારે વહેલી સવારથી જ દક્ષિણ પશ્ચિમ પંજાબના જિલ્લાઓમાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું હતું કારણ કે તમામ ખાનગી અને સરકારી બસો રસ્તાઓથી દૂર રહી હતી.

# હવે પેટીએમથી ફાસ્ટેગ રિચાર્જ નહીં કરી શકાય

## એનએચએઆઈના નિર્ણયને કારણે બે કરોડથી વધુ યુઝર્સને ફટકો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

Paytmના ફાસ્ટેગ યુઝર્સ માટે મોટા સમાચાર સામે આવ્યા છે. નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ રોડ ટોલિંગ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા) દ્વારા ફાસ્ટેગ યુઝર્સ માટે એડવાઈઝરી જારી કરી છે.

NHAIએ એલર્ટ જારી કરીને લોકોને અધિકૃત બેંકો પાસેથી ફાસ્ટેગ ખરીદવા જણાવ્યું છે. Paytm ફાસ્ટેગ યુઝર્સને નવું ફાસ્ટેગ લેવું પડશે. હવે પેટીએમ પેમેન્ટ્સ બેંક ફાસ્ટેગ જારી કરવા માટે અધિકૃત બેંક નથી. IHMCLએ ૩૨ બેંકોની યાદી બહાર પાડી છે જ્યાંથી યુઝર્સ પોતાના માટે ફાસ્ટેગ ખરીદી શકે છે.

ફાસ્ટેગ પ્રદાન કરતી બેંકોની યાદીમાંથી પેટીએમ પેમેન્ટ બેંકનું નામ ગાયબ છે. પેટીએમનું નામ યાદીમાંથી હટાવી દેવામાં આવ્યું છે.જે લોકોએ Paytm ટેગ મેળવ્યા છે તેઓએ તેમને સરેન્ડર કરવું પડશે અને નવા ટેગ અધિકૃત બેંકો પાસેથી ખરીદવાના રહેશે

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા સોશિયલ મીડિયા હેન્ડલ અટજ પર એક પોસ્ટ કરવામાં આવી છે, જેમાં ૩૨ બેંકોના નામ જાહેર કરવામાં આવી છે, જેમાં Paytm નથી.

પેમેન્ટ્સ બેંક ફાસ્ટેગ જારી કરનાર અધિકૃત બેંકોની યાદીમાંથી બહાર હોવાને કારણે, તેના અંદાજે ૨ કરોડ યુઝર્સ ને અસર થશે. આ યુઝર્સે હવે નવું ફાસ્ટેગ લેવું પડશે. ૨૯ ફેબ્રુઆરી પછી પેટીએમના ફાસ્ટેગને રિચાર્જ કરી શકાશે નહીં. આવી સ્થિતિમાં તેના યુઝર્સને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

# જાપાનનું અર્થતંત્ર નબળુ પડતાં ભારત ઝડપથી વિશ્વની ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બની જવાના સંકેત

## જાપાનને પાછળ છોડી જર્મની દુનિયાનું ત્રીજા નંબરનું મોટુ અર્થતંત્ર બન્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દુનિયાભરમાં સૌથી વધુ ઝડપે વિકાસ પામી રહેલા ભારતીય અર્થતંત્રનો ડંકો વાગી જ રહ્યો છે હવે જાપાનનું અર્થતંત્ર નબળુ પડયું હોવાના કારણે ભારત ઝડપથી વિશ્વની ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બની જવાની સંકેતો ઉભા થયા છે.

જાપાનને પાછળ છોડીને જર્મની દુનિયાનું ત્રીજા નંબરનું સૌથી મોટુ અર્થતંત્ર બની જ ગયું છે. જાપાનમાં આર્થિક મંદી છવાઇ છે. ગત વર્ષે જાપાનનો આર્થિક



વિકાસદર માત્ર ૧.૯ ટકા રહ્યો હતો. ડોલર ટર્મમાં જાપાનનું અર્થતંત્ર ૪.૨ ટ્રીલીયન ડોલર પર છે. જયારે જર્મનીનું અર્થતંત્ર ૪.૫ ટ્રીલીયન ડોલર પર પહોંચી ગયું છે.યેનની નબળાઇના કારણે જાપાનની સ્થિતિ નબળી બની ગઇ છે. ૨૦૨૨માં જાપાનનું ચલણ ડોલર સામે ૨૦ ટકા ઘટયું હતું જયારે ગત વર્ષે વધુ ૭ ટકા નીચે ઉતર્યુ હતુ. જર્મની જાપાનથી આગળ નીકળી ગયું હોવા છતાં હવે ભારત માટે આગળ વધવાનું મુશ્કેલ નથી અને બંને દેશોની આર્થિક નબળાઇનો લાભ ભારતને મળી શકશે.

ભારત હાલ અમેરિકા, ચીન, જર્મની અને જાપાન પછી દુનિયાનું પાંચમાં નંબરનું અર્થતંત્ર છે. આંતરરાષ્ટ્રીય નાણાનીધિના રીપોર્ટ મુજબ ભારત ૨૦૨૬માં જાપાન અને ૨૦૨૭માં જર્મનીથી આગળ નીકળી જશે. ભારતનું વર્તમાન અર્થતંત્ર ૪.૧૧૨ ટ્રીલીયન ડોલરનું છે.

# રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદી ભારત માટે મોંઘી સાબિત થશે

## રશિયામાંથી ક્રૂડ ઓઈલની આયાતમાં સતત બીજા મહિને ઘટાડો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવું ભારત માટે ફરી મોંઘુ સાબિત થઈ શકે છે. એક સરકારી અધિકારીએ જણાવ્યું કે મોસ્કોથી મોકલવામાં આવેલ સામાન હવે લાંબા રૂટ થકી ભારત પહોંચી રહ્યો છે. આ લાંબા રસ્તા પાછળનું કારણ છે કે કાર્ગો જહાજોને રાતા સમુદ્રના માર્ગ પર હુતી હુમલાથી સુરક્ષિત કરી શકાય.

અધિકારીએ કહ્યું, 'ક્રૂડ ઓઈલની આયાત પર થોડી અસર થઈ છે કારણ કે રશિયન ક્રૂડ ઓઈલ હવે લાંબા રૂટથી ભારતમાં આવી રહ્યું છે અને તે હવે મોંઘું પડી રહ્યું છે.'

હુથી બળવાખોરોના હુમલાએ ભારતીય કંપનીઓ માટે શિપિંગ ખર્ચમાં વધારો કર્યો છે અને મોટી માલવાહક કંપનીઓ આફ્રિકાના લાંબા રૂટનો ઉપયોગ



કરી રહી છે અથવા સુએઝ કેનાલમાંથી સુરક્ષિત માર્ગ માટે નજીકના બંદરો પર રાહ જોઈ રહી છે. રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ ભારતે રશિયા પાસેથી ડિસ્કાઉન્ટ પર ઓફર થઈ રહેલ ક્રૂડ ઓઈલની આયાત વધારી દીધી હતી. સસ્તી આયાતને કારણે ભારત હવે મોટા ભાગનું ક્રૂડ ઓઈલ રશિયા પાસેથી ખરીદી રહ્યું છે, ત્યારબાદ ઈરાક અને સાઉદી અરેબિયાનો ટોચના નિકાસકાર દેશ છે.

રશિયન ક્રૂડ ઓઈલ અંગે જી-૭ દેશોએ લાદેલ પ્રતિબંધો ભારત માટે પહેલેથી જ તેને ઓછો આકર્ષક વિકલ્પ બનાવી રહ્યો હતો. જોકે, આ રેડ સી કટોકટી પછી, પરિવહન ખર્ચ વધતા કુલ પડતરમાં વધુ વધારો થયો છે તેથી ભારતને તેની ક્રૂડ ઓઇલની જરૂરિયાતો માટે ફરીથી પશ્ચિમ એશિયાના તેના પરંપરાગત સાથી પર વધુ નિર્ભર રહેવું પડી શકે છે. જાન્યુઆરીમાં રશિયામાંથી ક્રૂડ ઓઈલની આયાતમાં સતત બીજા મહિને ઘટાડો નોંધાયો હતો અને તે ૧૨ મહિનાના સૌથી નીચલા સ્તરે પહોંચ્યું હતુ. રશિયાએ જાન્યુઆરીમાં ભારતને દરરોજ ૧૨ લાખ બેરલ ક્રૂડ ઓઈલ સપ્લાય કર્યું હતું, જ્યારે નવેમ્બર અને ડિસેમ્બરમાં આ આંકડો ૧૩.૨ લાખ અને ૧૬.૨ લાખ પ્રતિ બેરલ હતો.

# મોંઘવારીથી રાહત!ઃજાન્યુઆરીમાં જથ્થાબંધ ફુગાવો ત્રણ માસના તળિયે

## ઓક્ટો. દરમિયાન ફુગાવો –૦.૨૬% સાથે સૌથી નીચલા સ્તરે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં જાન્યુઆરી દરમિયાન મોંઘવારીથી લોકોને રાહત મળી છે. જાન્યુઆરી દરમિયાન ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડાને કારણે જથ્થાબંધ ફુગાવો ઘટીને ૦.૨૭% સાથે ત્રણ મહિનાના તળિયે નોંધાયો છે. ખાદ્ય ચીજવસ્તુઓમાં શાકભાજીની કિંમતોમાં પણ ઘટાડો થયો છે. એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન ઠંડંઈ ફુગાવો નેગેટિવ ઝોનમાં રહ્યો હતો અને નવેમ્બર દરમિયાન તે ૦.૩૯% રહ્યો હતો. જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન, તે ૪.૮% અને ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન તે ૦.૭૩% હતો.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય અનુસાર જાન્યુઆરી, ૨૦૨૪ માટે જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવો કામચલાઉ છે. અગાઉ ઓક્ટોબર



૨૦૨૩ દરમિયાન WPI ફુગાવો -૦.૨૬% સાથે સાથે સૌથી નીચલા સ્તરે હતો. જાન્યુઆરી દરમિયાન ખાદ્ય ફુગાવો પણ ડિસેમ્બર ૨૦૨૩ના ૯.૩૮%થી ઘટીને ૬.૮૫% રહ્યો હતો. ખાદ્યમાં શાકભાજીનો મોંઘવારી દર ડિસેમ્બરના ૨૬.૩%થી ઘટીને ૧૯.૭૧% રહ્યો હતો. જ્યારે બટાકામાં ફુગાવો નેગેટિવ ઝોનમાં હતો. તદુપરાંત ફળો, ઇંડા, દૂધ, માછલીનો ભાવ પણ ઘટ્યો છે. જાન્યુઆરીમાં ઇંધણ અને પાવર સેગમેન્ટમાં ફુગાવો (૦.૫૧%) હતો જે ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન -૨.૪૧% રહ્યો હતો. ઉત્પાદિત વસ્તુઓનો મોંઘવારી દર -૧.૧૩% હતો જે ગત મહિના દરમિયાન -૦.૭૧% રહ્યો હતો.

બીજી તરફ ક્રૂડ પેટ્રોલિયમ અને નેચરલ ગેસની કિંમતો -૦.૩૩% હતો, જ્યારે બિન-ખાદ્ય વસ્તુઓમાં મોંઘવારી દર -૦.૪૯% રહ્યો હતો. ડેટા દર્શાવે છે. જાન્યુઆરી ૨૦૨૪ની તુલનાએ નવેમ્બર ૨૦૨૩ દરમિયાન જથ્થાબંધ મોંઘવારી દર ૦.૨૬% હતો. શાકભાજીનો ફુગાવો જાન્યુઆરીમાં ૧૯.૭૧ ટકા હતો, જે અગાઉના મહિનામાં ૨૬.૩ ટકા હતો. જાન્યુઆરીમાં કઠોળમાં જથ્થાબંધ ફુગાવો ૧૬.૦૬ ટકા હતો જ્યારે ફળોમાં તે ૧.૦૧ ટકા હતો. જાન્યુઆરી ૨૦૨૩માં જથ્થાબંધ ફુગાવો ૪.૮ ટકા હતો.

# જામનગર શહેરમાં એલસીબીની ટીમે શાંતિનગર વિસ્તારમાં દરોડો પાડી ૪૬ નંગ ઈંગ્લીશ દારૂની બોટલોનો જથ્થો કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં એલસીબીની ટીમે શાંતિનગર વિસ્તારમાં દારૂ અંગે દરોડો પાડી ૪૬ નંગ ઈંગ્લીશ દારૂની બોટલોનો જથ્થો કબ્જે કર્યો છે, જ્યારે દારૂનો ધંધાર્થી ભાગી છૂટ્યો હોવાથી ફરારી જાહેર કરાયો છે.જામનગરમાં શાંતિનગર શેરી નંબર-૪ ના છેડે રહેતા વિજયસિંહ હરિસિંહ જેઠવા નામના શખ્સે પોતાના મકાનના ઈંગ્લિશ દારૂનો જથ્થો ઉતાર્યો છે, તેવી



બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડયો હતો, અને મકાનમાંથી ૧૮,૪૦૦ની કિંમતનો ૪૬ નંગ ઇંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો કબજે કર્યો છે. આ દરોડા સમયે દારૂનો ધંધાર્થી વિજયસિંહ જેઠવા ભાગી છૂટ્યો હોવાથી પોલીસે તેને ફરારી જાહેર કરી શોધ ખોળ હાથ ધરી છે. પોલીસે આરોપીને સકંજામાં લેવા કવાયત સાથે દારૂ પ્રકરણની વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે

# પુત્રીના લગ્ન માટે વ્યાજે પૈસા લીધા પછી વ્યાજખોરોએ કડક ઉઘરાણી કરતા પ્રૌઢે વિષપાન કર્યુ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એક આસામીએ કોરોનાકાળમાં ધંધો ઠપ્પ થયા પછી આવી રહેલા પોતાની પુત્રીના લગ્ન કરવા માટે ચાર શખ્સ પાસેથી ઉંચા વ્યાજે રકમ ઉછીની મેળવ્યા પછી તેનું વ્યાજ ચૂકવ્યા પછી પણ ચાર શખ્સે કડક ઉઘરાણી કરી તેમના પુત્રને પતાવી દેવાની ધમકી આપતા અને એક શખ્સે લોન અપાવી દેવાના નામે રૂા.પર હજાર પડાવી લેતાં કંટાળેલા આ વ્યકિતએ વિષપાન કર્યું છે.જામનગરના રણજીત સાગર રોડ પર આવેલી હર્ષદ મીલની ચાલી નજીક મહાવીર નગર શેરી નં.રમાં રહેતા પરસોત્તમભાઈ વાસુભાઈ ચાંદ્રા નામના પ્રૌઢનો વ્યવસાય કોરોનાકાળ



દરમિયાન ઠપ્પ થઈ ગયો હતો. તે પછી વર્ષ ૨૦૨૧માં પરસોત્તમભાઈના પુત્રીના લગ્ન આવ્યા હતા.

પુત્રીના લગ્ન માટે હાથ ઉપર રકમ ન હોવાથી પરસોત્તમભાઈએ દેવું કર્યું હતું. તેઓએ અશોક મુળજી નંદા, ગ્રેઈન માર્કેટમાં પંકજ ટ્રેડર્સ નામની દુકાન ચલાવતા પંકજ લોહાણા, ભરત મુળજી નંદા તથા વિનોદ ત્રિકમદાસ ખાનીયા પાસેથી સાત ટકાથી દસ ટકા વ્યાજે રકમો મેળવી હતી. તેની પરત ચૂકવણી પણ પરસોત્તમભાઈએ કરી હતી.

આમ, છતાં અશોક, પંકજ, ભરત તથા વિનોદ અવારનવાર કડક ઉઘરાણી કરતા હતા અને પૈસા ન મળે તો પરસોત્તમભાઈ ના પુત્ર અનિશને પતાવી દેવાની ધમકી પણ આપતા હતા. તે દરમિયાન અમિત દોશી નામના શખ્સનો પરિચય થયો હતો. તેણે લોન અપાવી દેવા માટે વાત કર્યા પછી રૂા.પર હજાર પરસોત્તમભાઈ પાસેથી લઈ લીધા હતા. આ રકમ અમિત પાછી આપતો ન હતો.ચાર વ્યાજખોર સતાવી રહ્યા હતા ત્યારે એક શખ્સે લોન અપાવવાના નામે આવી રીતે રૂા.પર હજાર પડાવી લેતાં કંટાળી ગયેલા પરસોત્તમ ભાઈએ ગઈકાલે હિરજી મિસ્ત્રી રોડ પર નવાનગર બેંકની મુખ્ય શાખા નજીકના મેદાનમાં જઈ ઝેરી દવા પી લીધી છે. તેઓને સારવાર માટે દવાખાને ખસેડવામાં આવ્યા છે. ત્યાંથી તેઓએ પાંચેય શખ્સ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# જામનગરના યુવકને હનીટ્રેપમાં ફસાવી કરાયો બ્લેકમેઈલ: ૧.૮૩ લાખ પડાવાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એક યુવકને સવા બે વર્ષ પહેલાં સોશિયલ મીડિયાના માધ્યમથી એક પરિણીતાનો સંપર્ક થયા પછી તેણીએ પ્રેમજાળમાં ફસાવ્યો હતો. બંને વચ્ચે શરીરસંબંધ બંધાયા પછી આ યુવતીએ પોતાના પતિ તથા પિતરાઈ ભાઈ સાથે મળી બ્લેકમેઈલીંગ શરૂ કર્યું હતું. ફસાઈ ગયેલા યુવકે રૂા.૧,૮૩,૫૦૦ ચૂકવ્યા પછી પણ યુવતીએ દુષ્કર્મની ફરિયાદ કરતા યુવક જેલમાં ધકેલાઈ ગયો છે. તે પછી પરિવાર સાથે પેટછૂટી વાત કરાતા હનીટ્રેપનો આ મામલો પ્રકાશમાં આવ્યો છે. યુવકના કાકાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.



હનીટ્રેપના આ ચકચારી કિસ્સાની વધુ વિગત મુજબ જામનગરના ખંભાળિયા નાકા બહારના એક વિસ્તારમાં રહેતા લવરમુછિયા યુવાનને સવા બેએક વર્ષ પહેલાં સોશિયલ મીડિયાના માધ્યમથી એક યુવતીનો પરિચય થવા પામ્યો હતો. બંને વચ્ચે મેસેજના માધ્યમથી વાત શરૂ થઈ હતી.તે પછી આ યુવાનની સાથે તે યુવતીએ ફોન પર વાત કરી પરિચય ગાઢ બનાવ્યો હતો. વાત વાતમાં આ યુવતીએ પોતે વડોદરાની રહેવાસી હોવાનું અને હાલમાં જામનગરમાં લગ્ન કરીને રહેતી હોવાનું જણાવ્યું હતું. તે યુવતીએ સપ્ટેમ્બર ૨૦૨૨થી વાતચીતનો દૌર ગાઢ બનાવ્યો હતો અને તે યુવક સાથે પ્રેમમાં પડી ગઈ હોવાનો ડોળ શરૂ કર્યો હતો. બંને વચ્ચે મુલાકાતનો દૌર આરંભાયા પછી શરીરસંબંધ પણ બંધાયો હતો. આ યુવતીના મેલા ઈરાદાથી અજાણ રહેલા આ યુવકને થોડા જ દિવસોમાં અને ધીમે ધીમે પરિસ્થિતિનો અંદાજ આવવા માંડ્યો હતો. આ યુવતીએ આપણા સંબંધની મારા પતિને જાણ થઈ ગઈ છે તેવો ઘટસ્ફોટ કરતા આ યુવક હેબતાયો હતો.તે પછી આ યુવતીના પતિ સાથે તે યુવકનો સંપર્ક થવા પામ્યો હતો. પરિણીતા સાથેના પ્રેમસંબંધના કારણે હો-હલ્લો થવાની અને સમાજમાં બદનામી થવાની ભીતિ વચ્ચે આ યુવક તેણીના પતિને મળ્યો હતો. તે પછી આ શખ્સ અને તે યુવકની કહેવાતી પ્રેમીકાએ પોત પ્રકાશવાનું શરૂ કર્યુ હતું.કહેવાતી પ્રેમીકાએ હવે મારા પતિને ખબર પડી ગઈ છે તેથી થોડા ઘણા પૈસા આપી દો તો મામલો દબાઈ જશે તેમ કહેતા હેબતાઈ ગયેલા યુવકે જુદા જુદા સમયે રૂા.૫ હજાર, રૂા.૧૦ હજાર એમ કરીને પૈસા આપવાનું શરૂ કર્યું હતું. આ સિલસિલો શરૂ થઈ ગયા પછી જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારની શેરી નં.૫૫માં રહેતા અન્ય એક શખ્સની આ મામલામાં એન્ટ્રી થઈ હતી. તે શખ્સ આ યુવતીનો પિતરાઈ ભાઈ થતો હોવાનું જાણવા મળી રહ્યું છે. કહેવાતી પ્રેમીકા, પતિ તથા આ શખ્સે તે યુવકને બ્લેકમેઈલ કરવાનું શરૂ કરી પૈસા ન મળે તો ધાકધમકી પણ આપી હતી.

આ મામલા વચ્ચે ત્રણેક મહિના પહેલાં યુવકે પોતાના કેટલાક મિત્રો તથા સંબંધીને જાણ કરતા મામલો પોલીસ મથકે પહોંચે તેવી શક્યતાઓ ઉભી થઈ હતી. તેથી સમાધાન માટે કુણું વલણ (!) રાખી તે યુવતીએ એકસાથે પૈસા આપી દેવાનું કહેતા અમૂક રકમનો ચેક અપાયો હતો. તે પછી પણ મામલો પૂર્ણ થયો ન હતો અને વધુ પૈસાની માગણી કરાઈ રહી હતી. કટકે કટકે રૂા.૧ લાખ ૮૩,૫૦૦ ચૂકવી દીધા પછી પણ કહેવાતી પ્રેમીકાએ અને તેના પતિ અને તેના સાગરિતે પીછો ન છોડતા આ યુવક નાસી પાસ થયો હતો. તે દરમિયાન જ ગયા સપ્તાહે આ યુવતીએ જામનગર શહેરના પોલીસ મથકમાં દુષ્કર્મ ગુજારવા અંગે યુવક સામે ફરિયાદ પણ નોંધાવી દીધી હતી. તે દરમિયાન આ મામલો પોલીસ મથકે જશે તો પોતાને તકલીફ પડી શકે છે તેમ માની આ યુવતીના પતિએ છૂટાછેડા મેળવવા તજવીજ કરી હતી તેમાં પણ આ શખ્સે વડોદરાની યુવતીએ પોતાની સાથે આવી જ રીતે કર્યાનું જણાવ્યું હોવાનું માહિતગાર સૂત્રોએ જણાવ્યું છે!!દુષ્કર્મના ગુન્હામાં સંડોવાયા પછી ધરપકડ પામેલા આ યુવકને જેલમાં મોકલી આપવામાં આવ્યો છે. તે પછી તેના પરિવારને સંપૂર્ણ વિગતોની જાણ થતાં ગઈકાલે આ યુવકના કાકાએ સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આઈપીસી ૩૮૬, ૫૦૬ (૨), ૨૧૧, ૩૪ હેઠળ ગુન્હો નોંધ્યો છે. પીઆઈ એન.એ. ચાવડાએ તપાસ શરૂ કરી છે.સોશિયલ મીડિયાએ સર્જ્યો વધુ એક કાંડ: વાલીવર્ગમાં ચિંતાની લાગણી હાલમાં સોશિયલ મીડિયાના વધેલા વ્યાપ વચ્ચે છે તરપિંડી તેમજ આવી રીતે પ્રેમજાળમાં ફસાવી બ્લેકમેઈલીંગ કરવાના બનાવો વધતા જઈ રહ્યા છે. આવા બનાવો સમાજને લાલબત્તી ધરી રહ્યા છે. અત્યાર સુધી મોબાઈલ વપરાશનું ઉપકરણ હતો તે હવે શોખ અને એક આદત તરીકે યુવાવર્ગમાં વપરાઈ રહ્યો છે. તે બાબત ભારે ચિંતા પ્રેરક બની છે. હનીટ્રેપના આ બનાવમાં ફસાયેલા યુવકે ફેસબુકથી જ તે યુવતીનો સંપર્ક સધાયો હોવાનું જણાવ્યું છે અને તે પછી યુવતીની મધમીઠી વાતોમાં આવી જઈ હાલમાં આ યુવક જેલના સળીયા ગણી રહ્યો છે. આવા બનાવો કઈ રીતે બનતા અટકશે તે વિચાર પણ થઈ શકતો નથી. યુવાવર્ગે જાતે જ તે માટે અવેરનેસ કેળવવી પડશે.

# રાજુલા તાલુકાના ઝાપોદર ગામે સાયબર ક્રાઈમ અંગે જનજાગૃતિ લાવવા માટે પોલીસનો લોકદરબાર યોજાયો

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** સાયબર ક્રાઈમના બનાવો સતત વધી રહ્યા છે તેમજ લોકો આ ફ્રોડનો ભોગ પણ બની રહ્યા છે ત્યારે પોલીસ દ્વારા પણ લોકોને સાયબર ક્રાઈમથી બચવા જાગૃત કરવામાં આવી રહ્યા છે જે અનુસંધાને રાજુલા તાલુકાના ઝાપોદર ગામે પોલીસનો લોક દરબાર યોજાયો હતો જેમા પી આઈ ઈંદુબા ગીડા તેમજ નિષ્ણાતોએ ઉપસ્થિત ગ્રામજનોને માર્ગદર્શન આપ્યું હતુ આ તકે બીટ જમાદાર અનુપ સિંહ તેમજ પ્રિયંકાબેન



સહિત પોલીસ સ્ટાફ તેમજ ગામના સરપંચ મનુભાઈ ધાખડા,માજી સરપંચ હીમતભાઈ ધાખડા,સભ્ય ભાયાભાઈ વાળા,દીલુભાઈ ધાખડા,ઝાપોદર માંડરડી સહકારી મંડળીના પ્રમુખ કસુભાઈ ધાખડા,દેવાભાઇ વાઘેલા,ભાવેશ ભીલોટા,ભોળાભાઈ સહિત ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જીએચસીએલ દ્વારા ૧૨૦ પગડીયા પરિવારોને માછીમારી માટે જરૂરી સાધન સહાય પુરી પાડવામાં આવી



**મુખ્ય સમાચાર, જામનગર**

જીએચસીએલ ફાઉંડેશન દ્વારા તેમની ઔધ્યોગીક સામાજીક જવાબદારી અંતર્ગત પગડીયા માછીમારી પરિવારોનાં આજીવિકા વિકાસ કાર્યક્રમ અંતર્ગત ૧૨૦ જેટલા પગડીયા માછીમારી પરિવારોને માછીમારી માટે જરૂરી એવી જાળ, આઇસ બોક્ષ, પ્લાસ્ટીક તાડપત્રી તેમજ પ્લાસ્ટીક કેરેટનું લોક ભાગીદારી આધારીત વિતરણ કરવામાં આવ્યુ હતુ આ કાર્યક્રમમાં એસ.એમ.સી.ડી ના જનરલ મેનેજર જે,વી,જોષી,અજીત કોટેચા સીનિયર મેનેજર આરીફભાઇ માજોઠી, સી.એસ.આર વિભાગમાંથી ડો.રવિ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા આજના કાર્યક્રમમાં ફિશરીઝ કોલેજ-મહુવા કામધેનુ યુનિવર્સીટીનાં સંશોધન અધિકારી એ.એસ.કોટીયાએ તમામ પગડીયા માછીમારોને માછીમારી વ્યવસાયનું મહતવ, માછીમારીમાં મુલ્ય વર્ધન થકી આવક વધારા થકી આજીવીકા સુધારણા અને પારિવારીક જીવન લક્ષ્ય અને સરકારી યોજનાઓ અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન સી.એસ.આર વિભાગનાં ભાવસિંહ વંશે કર્યુ હતુ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સી.એસ.આર ટીમે જહેમત ઊઠાવી હતી

# સરપંચ પરિષદ ગુજરાત દ્વારા રાજ્યના મુખ્ય વિકાસ કમિશનરનું સન્માન કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

સરપંચ પરિષદ ગુજરાત દ્વારા ગુજરાતનાં નવા નીમણુંક પામેલા રાજ્ય મુખ્ય વિકાસ કમિશનર હિતેશભાઇ કોયાનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રીય પ્રધાન મુખિયા સરપંચ સંઘનાં રાષ્ટ્રીય મહાસચિવ મુકેશભાઈ સખિયા, સરપંચ પરિષદ ગુજરાતના પ્રદેશ પ્રવકતા મુકેશભાઈ શાહ અને સૌરાષ્ટ્ર ઝોન મહામંત્રી સાગરભાઈ



ફૂલતરિયા હાજર રહી રાજ્યનાં સરપંચોનાં પ્રશ્નો હલ કરવા અને સહકાર આપવા ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. જેનાં જવાબમાં વિકાસ કમિશનરશ્રી એ હકારાત્મક અભિગમ સાથે આવકારેલ હતાં

# જામનગર જિલ્લા પંચાયતનું રૂા. ૩૬૧.૮૫ લાખની પુરાંત સાથેનું બજેટ મંજૂર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પંચાયતની અંદાજપત્ર સભા જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ તથા જિલ્લા પંચાયતના હિસાબી અધિકારી ધવલભાઈ વર્ષ-૨૦૨૩-૨૪ ના વર્ષનું સુધારેલ તથા ૨૦૨૪-૨૫ ના વર્ષના અંદાજપત્રની વિસ્તૃત વિગતો રજુ કરી હતી.

આ બેઠકના પ્રારંભે જિલ્લા પંચાયત દ્વારા બીનખેતી આકાર ઉપર જિલ્લા પંચાયતનો ઉપકર નાખવાનો ઠરાવ પસાર થયો હતો.જિલ્લા પંચાયતના અંદાજપત્રમાં જિલ્લા પંચાયત સ્વભંડોળની આવક અને ખર્ચની જોગવાઈ મુજબ ખુલતી સિલક રૂા. ૬૩૪.૧૯ લાખ અને સને-૨૦૨૪-૨૫ ના વર્ષની સૂચિત અંદાજિત આવક રૂા. ૪૦૬.૩૨ લાખ મળી કુલ રૂા. ૧૦૪૦.૫૧ લાખની સામે રૂા. ૬૭૮.૬૬



લાખના ખર્ચની જોગવાઈઓ કરી વર્ષના અંતે રૂા. ૩૬૧.૮૫ લાખની પુરાંત સાથે સને ૨૦૨૪-૨૫ ના વર્ષનું પુરાંતલક્ષી બજેટ રજુ કરાયું હતું.સને-૨૦૨૪-૨૫ ના સ્વભંડોળ સદરમાં મુખ્યત્વે કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ જિલ્લા પંચાયતના સિંચાઈ ક્ષેત્રે અતિ કુપોષિત બાળકોના પોષણ સ્તરના સુધારા હેતુસર પુરક પોષક આહાર તથા દવા માટે રૂા. ૨.૦૦ લાખની જોગવાઈ, સ્માર્ટ આંગણવાડી માટે તથા આંગણવાડીની અન્ય સુવિધા માટે રૂા. ૩૦.૦૦ લાખની જોગવાઈ, શાળાએ ન જતી કિશોરીઓને કૌશલ્ય સંવર્ધન માટે જરૂરી પ્રવાસ અને તાલીમ માટે રૂા. ૪.૦૦ લાખની જોગવાઈ, પશુપાલન ક્ષેત્રે પશુ ચિકિત્સા અને રોગચાળા નિવારણ માટે રૂા. ૧.૦૦ લાખની, સમાજ કલ્યાણ ક્ષેત્રે ગ્રામ્ય કક્ષાએ અનુસુચિત જાતિ તેમજ અન્ય પછાત વર્ગના વિસ્તારમાં કોમ્યુનિટી હોલ માટે કુલ રૂા. ૭૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે. કુદરતી આફત સમયે અણધાર્યા આકસ્મિક ખર્ચ તેમજ અછતના સમયમાં સહાય ચૂકવવા માટે રૂા. ૨૫.૦૦ લાખની જોગવાઈ, જિલ્લા પંચાયતના વિસ્તારના રસ્તાઓના મરામત માટે રૂા. ૭૦.૦૦ લાખની જોગવાઈ તથા જિલ્લા પંચાયતના નવા ભવનના નિર્માણ માટે રૂા. ૮૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

આમ જિલ્લા પંચાયત હેઠળના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા નાગરિકો માટે શિક્ષણ ક્ષેત્રે, આરોગ્ય ક્ષેત્રે તેમજ અન્ય તમામ ક્ષેત્રે ભૌતિક સુવિધાઓ મળી રહે તેવી જોગવાઈઓ આ અંદાજપત્રમાં રાખવામાં આવી છે.

જિલ્લા પંચાયની અંદાજપત્ર સભા જેવી મહત્ત્વની બેઠકમાં જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સહિત સત્તાધારી પક્ષના પાંચ સભ્યોની સૂચક ગેરહાજરી હતી.ત્રણ મહત્ત્વની સમિતિના ચેરમેન સહિત સાત સભ્યો ગેરહાજર.જામનગર જિલ્લા પંચાયતની અંદાજપત્ર સભામાં આજે સત્તાધારી પક્ષના જ સાત સભ્યોની ગેરહાજરી ચર્ચાનો વિષય બની ગઈ હતી. જેમાં પૂર્વ પ્રમુખ ધરમશીભાઈ ચનીયારા, શિક્ષણ સમિતિના ચેરમેન હુલ્લાસબા સુરેન્દ્રસિંહ, વિનોદભાઈ વાડોદરીયા, કમલેશભાઈ ધમસાણીયા, કે.બી. ગાગીયા તેમજ સિંચાઈ સમિતના ચેરમેન કુંદનબેન ચોવટીયા તથા બાળ વિકાસ સમિતિના ચેરમેન ભાવનાબેન ભેંસદડીયા આજની બેઠકમાં હાજર રહ્યાં ન હતાં. જિલ્લા પંચાયતના વર્તુળોમાંથી જાણવા મળતી વિગતો પ્રમાણે સત્તાધારી પક્ષના આ વજનદાર સભ્યો અને સમિતિના ચેરમેનોએ બજેટ અંગે તેમને વિશ્વાસમાં લીધા ન હોવાના કારણે વિરોધ દર્શાવવા બેઠકનો બહિષ્કાર કર્યો છે.

# ABVP મોરબી દ્વારા પુલવામાં શહિદ જવાનોને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી

**મુખ્ય સમાચાર, મોરબી**

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ ૯ જુલાઈ ૧૯૪૯ થી વિદ્યાર્થી હિત અને રાષ્ટ્રહિતના કાર્યો કરતું વિશ્વનું સૌથી મોટું વિદ્યાર્થીઓનું સંગઠન છે.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના મોરબી શાખા દ્વારા પુલવામાં અટેકને યાદ કરી શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામા આવી હતી. તેમજ ક્રાંતિકારીઓની પ્રતિમાની સાફ સફાઈ કરવામા આવી હતી.



# દુધાળા લાઠીના વતની અને સતત સેવાકિય પ્રવૃત્તિમાં પ્રવૃત એવા ગોવિંદભાઈ ધોળકિયાની રાજ્યસભાના સાંસદ તરીકે પસંદગી થતા ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા

**મુખ્ય સમાચાર, આદીલખાન પઠાણ**

**બાબરા:** હાલ માં ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતમાંથી રાજ્યસભા ના સાંસદ માટે નવા ચાર નામો ની જાહેરાત કરવામાં આવી છે તેમાં લાઠી તાલુકાના દુધાળા ગામના વતની શ્રી ગોવિંદભાઈ ધોળકિયા ને પણ સ્થાન આપવામાં આવ્યું છે ગોવિંદભાઈ ના નામની જાહેરાત થતા સમગ્ર અમરેલી જિલ્લામાં ખુશીનો માહોલ ઉભો થયો છે ત્યારે લાઠી ખાતે આવેલ લાલજી દાદા ના વડલા સામે ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તા મિત્રો દ્વારા ફટાકડા ફોડી સૌના મોં મીઠા કરાવવામાં આવ્યા હતા

ધારાસભ્ય શ્રી જનક તળાવીયા દ્વારા ગોવિંદભાઈ ધોળકિયા ની શુભેચ્છા મુલાકાત પણ લેવામાં આવી હતી તેમજ ગોવિંદભાઈ ને રાજ્યસભાના સાંસદ તરીકેનું નામ જાહેર કરાતા ધારાસભ્ય




જનક તળાવીયાએ ખુશીની લાગણી વ્યક્ત કરી જણાવ્યું હતું કે ગોવિંદભાઈ ધોળકિયા ની રાજ્યસભાના સાંસદ તરીકે પસંદગી કરવામાં આવી છે ત્યારે હું શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું, કે આજે રાજ્યસભામાં લાઠી તાલુકાને સ્થાન આપવામાં આવ્યું છે, ગોવિંદભાઈ એ ભામાશા તો છે જ સાથે તેમનું જીવન પણ પ્રેરણાત્મક છે તેઓ સામાજિક કાર્યોમાં હંમેશા અગ્રેસર રહ્યા છે ગોવિંદભાઈએ પોતાની આગવી કોઠાસૂઝ થી પ્રમાણિકતા પૂર્વક શ્રી રામકૃષ્ણ એમ્પાયર ઊભું કર્યું જેમાં આજે ૬,૦૦૦ થી વધુ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી રહી છે તેઓની જીવનશૈલી શાંત સરળ અને ખૂબ જ ધાર્મિકતા ભરેલી છે, હાલમાં સુરત થી અમરેલી વચ્ચે હવાઈ સેવા શરૂ કરવામાં આવી તે પણ ગોવિંદભાઈ ને આભારી છે તેમજ લાઠી ખાતે લાલજીદાદાના વડલા તરીકે જાણીતી હોસ્પિટલ માંથી લોકોને આરોગ્ય લક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે તેમજ લાઠી તાલુકાના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં એમ્બ્યુલન્સ સેવા ફરી લોકોને ઘર બેઠા સેવાનો લાભ આપી રહ્યા છે, ગોવિંદભાઈ રાજ્યસભાના સાંસદ તરીકે પસંદગી પામવાથી સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં વિકાસના કામો તો થવાના જ છે પરંતુ તે સાથે અમરેલી જીલ્લો તેમજ લાઠી તાલુકાના પણ તેનો ખૂબ જ લાભ મળશે તેઓનું નામ જાહેર થતા સુરત તેમજ સમગ્ર સૌરાષ્ટ્ર અમરેલી લાઠી વિસ્તારના લોકો ગોવિંદભાઈને ખોબલે ને થોબલે અભિનંદનની વર્ષા કરી રહ્યા છે. ત્યારે ગાંધીનગર ખાતે લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ગોવિંદભાઈ સાથે રૂબરૂ મુલાકાત કરી ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.....

# અમૃતકાળનું ગુજરાતનું આ બજેટ રાજ્યને નવી ઊંચાઈ પર લઈ જશે: કાંતિભાઈ અમૃતિયા

## ગુજરાત સરકારના અમૃત કાળના બજેટને અનુમોદન આપી, આવકારી, વિધાનસભામાં મનનીય વિચારો વ્યક્ત કરતા ધારાસભ્ય

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીને મહાનગરપાલિકાનો દરજ્જો આપવા બદલ માન. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો તથા કૃષિ કોલેજ ફાળવાતા માન. કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલનો આભાર માન્યો હતો.

મોરબી જિલ્લાના મીઠા ઉદ્યોગ વિશે ચર્ચા કરતા તેઓએ જણાવ્યું હતું કે મીઠાના અનેકવિધ ઉપયોગો છે. મીઠાના ઉત્પાદનમાં સમગ્ર વિશ્વમાં ભારત ત્રીજા ક્રમે છે. સમગ્ર ભારતના મીઠાના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૭૦% જેટલો છે, જે પૈકી મોરબી જિલ્લામાં પણ ઉલ્લેખનીય માત્રામાં મીઠું ઉત્પાદન થાય છે. વિશ્વના ૫૫ જેટલા દેશોમાં મીઠાની નિકાસ કરીને ભારત કીમતી હૂંડિયામણ પણ મેળવે છે. મીઠાના મોટા ઉત્પાદકો



ઉપરાંત ૧૦ એકર મીઠું ઉત્પાદન કરનારા અગરિયા અને શ્રમિકો માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને લોકપ્રિય વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વિશેષ પ્રોત્સાહન તથા સુવિધાઓ આપી છે જેને અન્ય તમામ મુખ્યમંત્રીઓએ આગળ ધપાવી છે.

થોડા સમય પહેલા મોરબી વિસ્તારના મીઠા ઉદ્યોગોના પ્રશ્નો માટે બહોળા પ્રતિનિધિમંડળ સાથે ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, માન. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા માન. વનમંત્રી મુળુભાઈ બેરા સમક્ષ પ્રશ્નોની રજુઆત કરી હતી અને મહદ અંશે તમામ પ્રશ્નોનો તુર્ત જ નિકાલ લઈ આપવા બદલ બંને મહાનુભાવશ્રીઓનો પણ આભાર માન્યો હતો.

મોરબી જિલ્લામાંથી જ મીઠાની નિકાસ થાય તે માટે સરકારશ્રીએ નવી જેટ્ટી મંજૂર કરવામાં આવતા સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

મીઠા ઉદ્યોગને પીવાના કે સિંચાઈના પાણીથી નુકસાન ન જાય તે માટે મોરબી-માળીયા તાલુકાના લગભગ તમામ ગામ તળાવ તથા સીમ તળાવોને ઈન્ટરલિંક કરી તળાવો ભરવાની બહુલાભિત, ₹ ૧૫૦ કરોડથી વધારે રકમની યોજના લઈ આવવા માટે માન. જળસંપત્તિ મંત્રીશ્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી.

સાથે સાથે મીઠા ઉદ્યોગમાં કામ કરતા શ્રમિકોના બાળકોને ઉચિત રીતે શિક્ષણ મળી રહે તે માટે ટી.વી. પંખા અને અન્ય વિશેષ સુવિધા ધરાવતી સ્કૂલ ઓન વ્હીલ ચલાવવા માટે માન. શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરનો પણ આભાર માન્યો હતો. એકંદરે અમૃતકાળનું ગુજરાતનું આ બજેટ ગુજરાતને નવી ઊંચાઈ પર લઈ જશે એવો આશાવાદ વ્યક્ત કરી માનનીય નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપીને કાંતિભાઈ અમૃતિયાએ અંદાજપત્રને અનુમોદન આપ્યું હતું.

